"ગુજરાત પ્લસ"

પેજ નં - ૧૧

૭/૧૧/૨૦૨૪.

બાબાસાહેબ આંબેડકર યુનિ.ના વાઈસ ચાન્સેલર અમીબહેન ઉપાધ્યાયે

# ૪૦ વર્ષમાં ૧૦૦૦ મહિલાને કથક નૃત્યની વિનામૂલ્યે તાલીમ આપી છે

વિશ્વ વિખ્યાત સભ્યતા સિંધુ ખીણની સંસ્કૃતિ પ્રાચીન ઈજિપ્તની સંસ્કૃતિ પછી બીજા સ્થાને આવે છે. તે ભારતીય સંસ્કૃતિના આપણે વારસદારો છીએ પરંતુ ક્યાંક આપણી સંસ્કૃતિ વિસરાઈ રહી છે ત્યારે ૪૮ વર્ષીય અમીબહેન ઉપાધ્યાય ૪૦ વર્ષથી ભારતીય શાસ્ત્રીય નૃત્ય કથક સાથે જોડાયેલા છે અને તેઓ મહિલાઓને વિનામૂલ્યે કથક શીખવે છે

આ વિશે અમીબહેન ઉપાધ્યાયે કહ્યું કે, 'હું નાની હતી ત્યારથી જ મને વિવિધ એક્ટિવિટી કરવાનો શોખ હતો. મેં આઠ વર્ષની ઉંમરે કથક શીખવાની શરૂઆત કરી હતી ત્યારે મારા પરિવારમાંથી માત્ર મારા માતા-પિતા જ મને સપોર્ટ કરતા હતા. મેં કથકમાં મૂળ જયપુર ઘરાનામાં તાલીમ લીધી હતી ત્યાર પછી લખનૌ અને ઈન્દૌર ઘરાનાની તાલીમ લીધી.

## કલામાંથી ક્યારેય પૈસા કમાવાનું વિચાર્યું નથી



હું મહિલાઓને સંસ્કૃતિ સાથે જોડી રાખવા માટે કથક શીખવું છું. હું કલાનો અવિરત પ્રચાર કરવા ઈચ્છું છું. હું વર્ષમાં એકવાર કથકનો નિઃશુલ્ક શો પણ કરું છું, જેમાં સ્ક્રિપ્ટ, કવિતા, ડિરેક્શન અને બધું જ મારા વિદ્યાર્થી સાથે મળીને તૈયાર કરું છું. મેં કથકમાં કૃષ્ણ અને બુદ્ધના જીવનમાં આવેલી સ્ત્રીઓના મહત્ત્વ પર કાર્ય કર્યું છે.

આપણે ઈતિહાસ જાણવો હોય કે લોકો સમક્ષ લઈ જવો હોય તો પણ શબ્દો કરતાં એક્સપ્રેશન દ્વારા વધારે અસરકારક રીતે અને સરળતાથી લઈ જઈ શકાય છે. મને દરેક નૃત્યમાં કથક વધારે પસંદ છે કારણ કે તેમાં વિવિધ રાજ્ય અને પશ્ચિમ દેશોની પણ અસર પડેલી છે. હું ઓપન યુનિવર્સિટીની વાઈસ ચાન્સેલર અને અંગ્રેજીની પ્રોફેસર છું મારી કલા મને સામાન્ય રીતે જીવંત રાખવામાં મદદ કરે છે. હું દિવસના બે કલાક રીયાઝ અને યોગ માટે ફાળવું છું. જે મહિલાઓ કથક શીખવાની ઈચ્છા ધરાવે છે તેમને હું નિઃશુલ્ક કથક શીખવું છું અને અત્યાર સુધીમાં હજાર કરતા વધારે મહિલાઓને કથક શીખવ્યું છે.'

૧૧/૧૧/૨૪